વાન, ઇકો અને બસ સાથે ખાનગી બસમાં વિદ્યાર્થીઓ હોય એક સમયે ભયનો માહોલ સર્જાયો

# ટ્રકે 4 સ્કૂલવાન-બસને અડફેટે લીધા

**ત્રણ** સ્કૂલ વાન, બસને અડફેટે લેતા વિદ્યાર્થીઓમાં ગભરાટ

**ચીખલી** કોલેજ સર્કલ પાસે અકસ્માત સર્જાતા બે વિદ્યાર્થીઓને નાની મોટી ઇજા પહોંચી







ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી કોલેજ સર્કલ પાસે બ્રેક ફેલ થતા બેકાબૂ બનેલી હાઈવા ટ્રકે ત્રણ સ્કૂલ વાન, બસ સહિત પાંચ જેટલા વાહનોને અડફેટે લેતા નાસભાગ મચી જવા સાથે વિદ્યાર્થીઓએ બૂમાબૂમ કરી મૂકતા સ્થાનિકો મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા. શાળાના બે વિદ્યાર્થીઓને નાની મોટી ઈજાને બાદ કરતા જાનહાનિ ટળી હતી.

બનાવ સ્થળેથી પ્રાપ્ત વિગત મુજબ સાંજે પાંચેક વાગ્યાના અરસામાં ક્વોરી વિસ્તારમાંથી આવી રહેલી એક હાઈવા ટ્રક નંબર જીજે ૨૩ એ ડબલ્યુ ૮૮૪૪ ની અચાનક બ્રેક ફેઈલ થતા કોલેજ સર્કલ પાસે કોલેજના ગેઈટની સામે એક પછી એક પાંચ જેટલા વાહનોને અડફેટે લઈ ધડાકાભેર અથડાતા નાસભાગ મચી જવા પામી હતી અને આ પાંચ પૈકી વાન, ઈકો અને એક બસ મળી ત્રણ વાહનોમાં તો ખાનગી બસમાં વિદ્યાર્થીઓ હોય તેઓએ ચીચીયારીઓ મારતા એક સમયે ભયનો માહોલ સર્જાયો હતો. બે જેટલા વિદ્યાર્થીઓને સામાન્ય ઈજાને બાદ કરતા સદનસીબે મોટી જાનહાનિ ટળતા રાહત થઈ હતી. જો કે હાઈવા ટ્રકની અડફટે લીધેલી સ્કૂલ વાન જીજે ૨૧ સીએ ૨૫૯૦, સ્કૂલ ઈકો કાર જીજે ૨૧ એએ ૩૩૧૯, ટાટા પંચ કાર જીજે ૨૧ સીઈ ૫૧૮૦ તથા અલ્ટો કાર જીજે ૨૧ બીસી ૩૪૯૭ તથા એક સ્કૂલ બસ મળી આ પાંચેય વાહનોમાં મોટુ નુકસાન થવા પામ્યુ હતુ. વધુમાં બનાવના સ્થળે લોકો મોટી સંખ્યામાં એકત્ર થઈ જવા સાથે પોલીસ પણ ધસી આવી હતી. આ રીતે અચાનક બ્રેક ફેલ થતા વાહનોની ફિટનેસ સામે પણ સવાલો ઊભા થવા પામ્યા છે.

### વાહનોની લાંબી લાઈન લાગી ગઇ

કોલેજ સર્કલ પાસે આ ભયાનક અકસ્માતને પગલે ટ્રાફિક જામ થવા સાથે વાહનોની લાંબી લાઈન લાગી ગઇ હતી. નોંધનીય છે કે કોલેજ સર્કલ પાસે સીસી રોડની કામગીરીને પગલે ડાયવર્ઝન આપવામાં આવેલું છે. પરંતુ ચોક્કસ આયોજન વિના લાંબા સમયથી ચાલી રહેલા સીસીરોડના કામને પગલે ટ્રાફિકની સમસ્યા રોજ બરોજની બની જવા સાથે અકસ્માતોમાં પણ વધારો થયો છે.

# મોલમાં સસ્તી વસ્તુ પર મોંઘા સ્ટીકરથી વસૂલાતનો આક્ષેપ

**નવસારીમાં** પૌવાના પેક પર સોયાબીનનો ભાવ ચોંટાડી રૂપિયા 150 વધુ વસૂલ્યા, જાગૃત ગ્રાહકે પકડ્યો ગોટાળો

**ફરિયાદ** કરતાં પોલીસ બોલાવાઈ, હવે ગ્રાહક છેતરપિંડી સામે તંત્રની કડક કાર્યવાહી કરવાની માંગ

નવસારી : નવસારીના એક શોપિંગ મોલમાં બિલિંગ દરમિયાન ભાવમાં ગેરરીતિનો બનાવ સામે આવતા ગ્રાહકોમાં ચિંતા અને અસંતોષ ફેલાયો છે. સસ્તી વસ્તુ પર મોંઘા પ્રોડક્ટનો ભાવ લગાવી વધારાની રકમ વસૂલવાનો પ્રયાસ થયો હોવાનો આક્ષેપ થતાં ગ્રાહક સુરક્ષા અને મોલની કામગીરી અંગે સવાલો ઊભા થયા છે.

વિજલપોરના રહેવાસી નરેન્દ્રભાઈ ખરીદી માટે મોલમાં ગયા હતા. ખરીદી બાદ બિલ ચકાસતાં તેમને ધ્યાન આવ્યું કે પૌવાના પેક પર સોયાબીનનો વધુ ભાવ ધરાવતું સ્ટીકર લગાવવામાં આવ્યું હતું અને તેના આધારે આશરે રૂપિયા 150 જેટલી વધારાની વસૂલાત કરવામાં આવી હતી. ગણતરીમાં તફાવત જણાતા તેમણે તરત જ મોલ મેનેજમેન્ટનો સંપર્ક કર્યો હતો.

આ મુદ્દે રજૂઆત કરતાં મોલમાં તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હોવાનું જાણવા મળે છે. ત્યારબાદ મોલ સંચાલકોએ પોલીસને બોલાવતા પોલીસે પહોંચી મામલો શાંત પાડ્યો અને મેનેજમેન્ટને ગ્રાહકોની ફરિયાદો સંવેદનશીલતા અને જવાબદારી સાથે ઉકેલવાની સૂચના આપી હતી. સ્થાનિકોમાં માંગ ઉઠી છે કે આવા બનાવોને ગંભીરતાથી લઈને વહીવટી તંત્ર દ્વારા શોપિંગ મોલની બિલિંગ પ્રક્રિયાની તપાસ કરવામાં આવે અને ગેરરીતિ સાબિત થાય તો કડક પગલાં લેવામાં આવે. ગ્રાહકોનો વિશ્વાસ જાળવવા પારદર્શકતા અને જવાબદારી હવે અનિવાર્ય બની ગઈ છે.

# નવસારી મનપા 'એક્શન મોડ'માં, 12 મિલ્કતને સીલ

**વારંવાર** નોટિસ છતાં ટેક્સ નહીં ભરનાર કોમર્શિયલ અને રહેણાંક મિલ્કતો પર તાળાબંધી

**સીલિંગ** દરમ્યાન જ બાકીદારો જાગ્યા, સ્થળ પર રૂપિયા 3 લાખની વસૂલાત



નવસારી : નવસારી મહાનગરપાલિકાએ મિલ્કતવેરાની બાકી વસૂલાત માટે કડક વલણ અપનાવતા શહેરમાં 'એક્શન મોડ' શરૂ કર્યો છે. છેલ્લા 48 કલાક દરમિયાન વેરા વિભાગે શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન કામગીરી હાથ ધરી 12 કોમર્શિયલ તેમજ રહેણાંક મિલ્કતોને સીલ કરી દીધી છે. વારંવાર નોટિસ આપવામાં છતાં ટેક્સ નહીં ભરનાર મિલ્કતધારકો સામે આ દંડાત્મક પગલાં લેવામાં આવતા બાકીદારોમાં ચિંતા ફેલાઈ છે.

મનપાના વિશેષ અભિયાન હેઠળ વોર્ડ નં. 7, 9 અને 13માં ચકાસણી હાથ ધરવામાં આવી હતી. લાંબા સમયથી બાકી રહેલા વેરાના કેસોને પ્રાથમિકતા આપી કાર્યવાહી બાદ મિલ્કતોને તાળાબંધી કરવામાં આવી હતી. કાર્યવાહીનું પરિણામ પણ જોવા મળ્યો હતો. સીલિંગની કામગીરી દરમિયાન જ કેટલાક મિલ્કતધારકો દ્વારા બાકી રકમ ભરવાની તાત્કાલિક તૈયારી દર્શાવવામાં આવી અને સ્થળ પર જ અંદાજે રૂ. 3 લાખ જેટલી વસૂલાત કરવામાં આવી હતી.

મહાનગરપાલિકાએ સ્પષ્ટ જણાવ્યું છે કે આગામી દિવસોમાં આ અભિયાનને વધુ સઘન બનાવવામાં આવશે અને કોઈપણ પ્રકારની ભલામણ, દબાણ કે રાજકીય હસ્તક્ષેપને માન્ય રાખવામાં આવશે નહીં. સીલ કરાયેલી મિલ્કતોના માલિકોએ તાત્કાલિક બાકી વેરો ચૂકવીને જ મિલ્કત અનસીલ કરાવી શકાશે. તંત્રએ ચેતવણી આપી છે કે જો નિર્ધારિત સમયમર્યાદામાં વેરો નહીં ભરવામાં આવે તો વધુ કડક પગલાં લેવામાં આવશે, જેમાં મિલ્કત જપ્ત કરાશે. મનપાનો સંદેશ સ્પષ્ટ છે કે ટેક્સ સમયસર ભરો, નહીં તો કાર્યવાહી નિશ્ચિત છે.

નકલમુક્ત પરીક્ષા માટે તમામ 1,286 બ્લોકમાં 100% CCTV દેખરેખ, તંત્ર સતર્ક

# નવસારીમાં બોર્ડ પરીક્ષા આપવા માટે 34,974 વિદ્યાર્થી તૈયાર

**ધોરણ** 10 માટે બે ઝોનમાં આયોજન, 66 કેન્દ્રો અને 701 બ્લોકમાં પરીક્ષા

**ધોરણ** 12માં સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહના 14,570 વિદ્યાર્થીઓ માટે 55 કેન્દ્રોની વ્યવસ્થા

નવસારીઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ-10 (SSC) અને ધોરણ-12 (HSC) ની વાર્ષિક બોર્ડ પરીક્ષાઓ 26 ફેબ્રુઆરીથી શરૂ થવા જઈ રહી છે. નવસારી જિલ્લામાં પરીક્ષાનું સુવ્યવસ્થિત અને શાંતિપૂર્ણ આયોજન થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર અને શિક્ષણ વિભાગ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. આ વર્ષે જિલ્લામાં કુલ 34,974 વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષામાં બેસવાના છે.

ધોરણ-10 માટે જિલ્લામાં કુલ 20,404 વિદ્યાર્થીઓ નોંધાયા છે. પરીક્ષા વ્યવસ્થા સરળ બને તે માટે જિલ્લાને નવસારી અને ચીખલી એમ બે ઝોનમાં વહેંચવામાં આવ્યો છે. SSC માટે કુલ 66 પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે અને 701 બ્લોકમાં પરીક્ષા લેવામાં આવશે.

ધોરણ-12 માટે સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ મળીને કુલ 14,570 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. તેમાં સામાન્ય પ્રવાહના 9,549 વિદ્યાર્થીઓ માટે 16 કેન્દ્રો અને વિજ્ઞાન પ્રવાહના 5,021 વિદ્યાર્થીઓ માટે 5 કેન્દ્રોની વ્યવસ્થા કરવામાં આવી છે. HSC માટે જિલ્લામાં કુલ 55 પરીક્ષા સ્થળો અને 585 બ્લોક તૈયાર કરવામાં આવ્યા છે.

પરીક્ષાની પારદર્શિતા અને નકલમુક્ત માહોલ જાળવવા માટે SSC અને HSC મળીને કુલ 1,286 બ્લોકમાં 100 ટકા CCTV કેમેરા ગોઠવવામાં આવ્યા છે. ઉપરાંત, પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તંત્ર દ્વારા જરૂરી સુરક્ષા અને સંકલન વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

જિલ્લામાં હવે પરીક્ષાને લઈને શૈક્ષણિક માહોલ જોવા મળી રહ્યો છે અને હજારો વિદ્યાર્થીઓ પોતાના ભવિષ્યના મહત્વપૂર્ણ તબક્કા માટે તૈયાર થયા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### નવસારીમાં યુવાનની હત્યા કરનાર પિતા-પુત્ર ત્રણ દિવસના રિમાન્ડ પર

નવસારી : નવસારીના દશેરા ટેકરી વિસ્તારમાં સમાધાન માટે ગયેલા યુવાનની હત્યાના બનાવમાં ઝડપાયેલા પિતા-પુત્રને કોર્ટ દ્વારા ત્રણ દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલવામાં આવ્યા છે.

તા. 20 ફેબ્રુઆરી, 2026ના રોજ ચેતન ઉર્ફે ચિન્ટુ જીવણભાઈ રાઠોડ જૂના વિવાદનો અંત લાવવા આરોપી રાહુલ હેમંતભાઈ રાઠોડ અને તેના પિતા હેમંતભાઈ નારાયણભાઈ રાઠોડ સાથે ચર્ચા કરવા ગયો હતો. બેઠક દરમિયાન બોલાચાલી ઉગ્ર બનતા આરોપીઓએ તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરતા ચેતનનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને લોકલ ક્રાઇમ બ્રાન્ચે તપાસ હાથ ધરી અને ગણદેવી તાલુકાના સાલેજ ગામેથી બંને આરોપીઓને ઝડપી પાડ્યા હતા. કોર્ટમાં રજૂઆત બાદ વધુ પૂછપરછ માટે ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. હાલ સમગ્ર મામલે નવસારી ટાઉન પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

### ભુસાવલ સ્પેશ્યલ ટ્રેનમાંથી રૂ. 1.88 લાખની મતા ભરેલી બેગની ચોરી

વલસાડ: વલસાડથી પસાર થતી ટ્રેનમાં કોઇ પણ મુસાફરની આંખ લાગે એટલે અચૂક ચોરી થતી જ હોય છે. આવું જ કંઇ ભુસાવલ સ્પેશ્યલ ટ્રેનમાં બન્યું છે. જેમાં મુસાફરની આંખ લાગી ગઇ અને તેઓ સૂઇ ગયા ત્યારે તેમના માથા પાસેથી કોઇ ચોર તેમની રૂ. 1.88 લાખની મતા સાથેની બેગ ચોરી ગયો હતો. પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, મહારાષ્ટ્રના રહેવાસી મનિષા સુરજ પાટીલ (ઉં.વ.34) ભૂસાવલ સ્પેશ્યલ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતાં. વલસાડ નવસારી પંથકમાં તેમને ઊંઘ આવી ગઇ હતી ત્યારે તેમનું લાલ કલરનું બેગ કોઇ ચોર ચોરી કરી ગયો હતો. જેમાં 13 ગ્રામનું સોનાનું મંગળસૂત્ર, મોબાઇલ, કાનની બુટ્ટી વગેરે મળી કુલ રૂ.1.88 લાખની મતાનો સામાન હતો. આ બનાવ સંદર્ભે તેમણે વલસાડ રેલવે પોલીસ મથકે ફરિયાદ કરતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### દમણમાં સરકારી યોજનાઓના કાર્ડની નોંધણી શિબિરનું આયોજન



દમણ : સંઘપ્રદેશ દમણમાં સામાજિક કાર્ય કરતી અને મહિલાઓના ઉત્થાન હેતુ સેવા બજાવતી દામિની વુમન ફાઉન્ડેશન દ્વારા આભા કાર્ડ, આયુષ્માન કાર્ડ, ઈ-શ્રમ કાર્ડ તથા એન.સી.એસ. ની નોંધણી જેવા સરકારી કાર્ડ બનાવવા હેતુ ખાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. દત્તોપંત ઠેંગડી રાષ્ટ્રીય શ્રમ શિક્ષણ અને વિકાસ બોર્ડ, શ્રમ અને રોજગાર મંત્રાલય ભારત સરકાર, પ્રાદેશિક નિયામક મંડળ રાજકોટના નેજા હેઠળ આ શિબિર આયોજિત કરાઈ હતી. આ પ્રસંગે રાષ્ટ્રીય શ્રમ શિક્ષણ બોર્ડ, પ્રાદેશિક નિયામક મંડળ રાજકોટના અધિકારી મોહનચંદ સેન ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને દમણના ગ્રામજનો અને શ્રમજીવી ભાઈઓ અને બહેનો માટે નિ:શુલ્ક નોંધણી કાર્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આરોગ્ય લગતી સેવા ગ્રામજનો લઈ શકે તેવા આશય સાથે તાત્કાલિક આભા અને આયુષ્યમાન કાર્ડની સુવિધાઓ પણ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ફાઉન્ડેશનના ચેરપર્સન સિમ્પલબેન ટંડેલના નેજા હેઠળ કરવામાં આવ્યું હતું.

### ગોયમા ગામમાં ઇંટોના ભઠ્ઠા પર મજૂરી કરતા શ્રમિક પરિવારના પુત્રનો આપઘાત

પારડી : પારડી તાલુકાના ગોયમા ગામે 18 વર્ષીય યુવાને અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. મૂળ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના રાણશેત ગામનો પરિવાર હાલ પારડીના ગોયમા કેળપાડા ફળીયામાં ગોવિંદભાઈના ઈંટોના ભઠ્ઠા પર મજૂરી અર્થે આવ્યો છે. આ પરિવારનો 18 વર્ષીય પુત્ર દર્પણ રામજી ઘોરખના ગત રાત્રિના સમયે કોઈ અગમ્ય કારણોસર ભઠ્ઠા પાસે આવેલા ખેતરમાં ગયો હતો. જ્યાં તેણે લીમડાના ઝાડની ડાળી સાથે ઓઢણી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ ઘટનાની જાણ મૃતકની માતા હાલીબેન રામજીભાઈએ પારડી પોલીસને જાણ કરી હતી. જો કે આત્મહત્યાનું કારણ અકબંધ રહ્યું હતું. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વાપી આલોક કંપનીના કામદારો પગાર મુદ્દે હડતાળ ઉપર ઉતર્યા



વાપી : વાપી નજીકના બલીઠા વિસ્તારમાં આવેલી આલોક કંપનીના કામદારો સોમવારે પગાર મુદ્દે હડતાળ પર ઉતર્યા હતા. વર્ષો સુધી કંપનીમાં સેવાઓ આપતા કામદારોમાં પગાર વધારો ન થતા અસંતોષ વ્યાપ્યો હતો.

મોટાભાગના કર્મચારીઓ છેલ્લા 10 વર્ષથી વધુ સમયથી કંપનીમાં ફરજ બજાવી રહ્યા છે, તેમ છતાં યોગ્ય વેતનવધારો ન મળતા આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. કામદારો દ્વારા અગાઉ પણ વાપી, વલસાડ તેમજ સુરતના લેબર ઓફિસરો સમક્ષ અનેક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં પ્રશ્નોનું નિરાકરણ ન આવતાં અંતે 750થી વધુ કામદારો કંપની બહાર જ બેસી હડતાળ પર ઉતર્યા હતા. કામદારોનું કહેવું છે કે વધતી મોંઘવારી વચ્ચે વર્તમાન પગાર પર ગુજરાન ચલાવવું મુશ્કેલ બની ગયું છે. તેઓ પગાર વધારો સહિત અન્ય પડતર પ્રશ્નોના તાત્કાલિક ઉકેલની માંગ કરી રહ્યા છે. બીજી તરફ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વાપી ટાઉન પોલીસની ટીમ સ્થળ પર ખડેપગે તૈનાત રહી હતી.

# ખેરગામ તાલુકા પંચાયત કચેરીમાં વિપક્ષોના ધરણા

**તાલુકાની** સામાન્ય સભામાં વિપક્ષી સભ્યોએ રજૂ કરેલા પ્રશ્નોના જવાબ પ્રમુખે ન આપ્યાનો આક્ષેપ



### આ માત્ર ચૂંટણીલક્ષી દેખાડો છે

પ્રમુખ રાજેશ પટેલે આક્ષેપોને ફગાવતા જણાવ્યું હતું કે, ખાસ સામાન્ય સભામાં એજન્ડા બહારના પ્રશ્નો ચર્ચાય નહીં. તેમ છતાં, તેમણે સભ્યોને ચેમ્બરમાં આવીને જવાબ લઈ જવા કહ્યું હતું. તેમણે ઉમેર્યું કે, આગામી ચૂંટણી નજીક હોવાથી વિપક્ષ માત્ર જનતાનું ધ્યાન ખેંચવા માટે ધરણાનો નાટક કરી રહ્યો છે.

ખેરગામ : ખેરગામ તાલુકા પંચાયત કચેરીના સભાખંડમાં આજે યોજાયેલી ખાસ સામાન્ય સભા તોફાની બની હતી. વિપક્ષી સભ્યોએ રજૂ કરેલા વિવિધ વિકાસલક્ષી અને વહીવટી પ્રશ્નોના જવાબ પ્રમુખ દ્વારા ન આપવામાં આવતા વિપક્ષી સભ્યો કચેરીના મુખ્ય પ્રવેશદ્વાર પર જ ધરણા પર બેસી ગયા હતા, જેના કારણે સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

તાલુકા પંચાયત પ્રમુખ રાજેશ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી આ સભામાં વિપક્ષી નેતા સુભાષભાઈ પટેલ અને અન્ય સભ્યોએ અનેક પ્રશ્નો પૂછ્યા હતા. વિપક્ષનો આક્ષેપ છે કે પ્રમુખે આ પ્રશ્નોના જવાબ આપવાને બદલે સભા પૂર્ણ જાહેર કરી દીધી હતી. આ વર્તનથી નારાજ થઈને વિપક્ષી સભ્યોએ કચેરીના દરવાજા પાસે ધરણા શરૂ કર્યા હતા. તાલુકા વિકાસ અધિકારી (TDO) એ મામલો થાળે પાડવા પ્રયાસ કર્યો હતો, પરંતુ સભ્યો પોતાની માંગ પર અડગ રહ્યા હતા.

વિપક્ષી નેતા સુભાષ પટેલે આક્ષેપ કર્યો હતો કે, પંચાયતના કામોમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થયો છે, જેનાથી બચવા માટે પ્રમુખ સવાલોના જવાબ ટાળી રહ્યા છે. માર્ચ ૨૦૨૫ પછી નિયમિત સામાન્ય સભા બોલાવવાને બદલે માત્ર 'ખાસ સભા' બોલાવીને પ્રશ્નોત્તરી ટાળવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

### ખેરગામના રૂમલામાં કાર અડફેટે બાઇકને ટક્કર મારતા વૃદ્ધનું મોત

ખેરગામ : ખેરગામના રૂમલામાં કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા વૃદ્ધનું મોત નિપજ્યું હતું. મળતી વિગત અનુસાર, જેસીંગભાઈ માહલાના કુટુંબી ફોઈ રડકીબેન ગાવિત (ઉં. ૭૦) અને ફૂવા મગનભાઈ ગાવિત (ઉં. ૭૧) પોતાની મોપેડ (નંબરઃ GJ-21 BR-2979) પર રૂમલા થોરાતપાડા ચાર રસ્તા પાસે વળાંક લઈ રહ્યા હતાં. આ સમયે પાણીખડકથી રાનકુવા તરફ જતા માર્ગ પર એક કાર (નં RJ-06 CF-0535) ના ચાલકે પોતાની ગાડી ગફલતભરી રીતે હંકારી લાવી મોપેડને જોરદાર ટક્કર મારતા દંપતી રોડ પર ફંગોળાઈ ગયું હતું. રડકીબેન ગાવિતને માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. જ્યારે મગનભાઈ ગાવિતને ઈજાઓ પહોંચી હતી. આ બનાવ અંગેની ફરિયાદ જેસીંગ માહલાએ ખેરગામ પોલીસ મથકે કરી હતી. સીસીટીવી ફૂટેજ અને ગાડીના નંબરના આધારે ફરાર ચાલકને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# કુમાર શાળાની સામેની જમીન ગંદા નાળામાં ફેરવાઈ

**ચીખલી** તાલુકા પંચાયત હસ્તકની સોનાની લગડી સમાન કિંમતી જમીનમાં ડ્રેનેજનું ગંદુ પાણી છોડાતા આખો વિસ્તાર દૂષિત બની ગયો

**ડ્રેનેજના** દૂષિત પાણીથી મચ્છર સહિતના જીવાતોનો ભારે ઉપદ્રવ વધ્યો



ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલીમાં તાલુકા પંચાયતની ઘોર બેદરકારી વચ્ચે કુમાર શાળાની સામે સમરોલી ગામમાં મોકાની જમીન ગંદા નાળામાં ફેરવાઈ જવા પામી છે.

ચીખલી શહેરના તલાવચોરા રોડ પર કુમારશાળાની સામે આવેલા સમરોલીમાં તાલુકા પંચાયતની ઘોર બેદરકારી ખુલ્લેઆમ સામે આવી છે. તાલુકા પંચાયત હસ્તકની સોનાની લગડી સમાન કિંમતી જમીનમાં ડ્રેનેજનું ગંદુ પાણી છોડવામાં આવતા આખો વિસ્તાર ગંદકી અને દુર્ગંધથી દૂષિત બની ગયો છે.

આ જમીનની અગાઉ સત્તાવાર માપણી કરવામાં આવી હતી તેમજ તારખૂટાનું કમ્પાઉન્ડ પણ ઊભું કરાયું હતું, છતાં આજે એ જ જમીન ગંદા નાળામાં ફેરવાઈ જવા પામી છે. ડ્રેનેજના દુષિત પાણીથી મચ્છર સહિતના જીવાતોનો ભારે ઉપદ્રવ વધ્યો છે, જેનાથી ડેન્ગ્યું-મેલેરિયા જેવી બીમારીઓ ફાટી નીકળવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. તાલુકા પંચાયત દ્વારા જમીનની માપણી, તારખુટાં બાદ જમીન ટાઇટલ ક્લિયર કરાવી જમીનનો સદુપયોગ થાય એ દિશામાં કામગીરી કરવાનું તો ઠીક પરંતુ જાળવણી પણ ન કરવામાં આવતા હાલે ડ્રેનેજના ગંદા પાણીથી નર્કાગાર જેવી સ્થિતિ જોવા મળી રહી છે ત્યારે જવાબદાર અધિકારીઓને આ જમીનમાં ગંદકી ફેલાતી અટકાવવામાં જાળવણીમાં, વિકાસમાં રસ જ નથી કે પછી વહીવટી સૂઝનો અભાવ છે તે સમજી શકાય તેમ નથી.


ગ્રામ પંચાયત, મહુવર-મરોલીબજાર
તા. જલાલપોર, જી.નવસારી
મિલકત વેરા ભરવા અંગેની જાહેર નોટીસ
આથી ગ્રામ પંચાયત, મહુવર-મરોલીબજાર વિસ્તારના સમાવિષ્ટ મકાનો, ફ્લેટ, દુકાનો અને ઔદ્યોગિક એકમો, ખુલ્લા પ્લોટો વગેરે તમામ પ્રકારની મિલકતોના માલિકો, મિલકત ધારકોને જાહેર નોટીસ આથી જણાવવામાં આવે છે કે - મિલકતનાં બાકી રહેલ મહુવર - મરોલીબજારના વેરા (સરકારી કરવેરા) દિન-૧૫ (પંદર)માં ગ્રામ પંચાયત કચેરી મહુવર-મરોલીબજાર ખાતે ભરી જવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં નિષ્ફળ જશો તો બાકીવેરાની મિલકતો પર બોજો લાદવા, મિલકત ટાંચમાં લેવા, પંચાયત દ્વારા પૂરી પાડવામાં આવતી સુવિધાઓ બંધ કરવા વિગેરે સહીતની ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ ૨૧૫ (૧)(૨)(૩) અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે.
લી. મહુવર-મરોલીબજાર ગ્રામ પંચાયત